

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*પદ જોઈ પલળી જાય, કોઈ કોરા રહ્યા નથી !*
*લાગ્યા ડાઘ બંને પક્ષોને, કોઈ ગોરા રહ્યા નથી !*
*પોરા કાઢે પક્ષના, વેંચે સિદ્ધાંત - મૂલ્યો સસ્તામાં*
*બની ગયા છે બધા પાકટ, કોઈ છોરા રહ્યા નથી !*
*(મ્યુ-પંચાયતોના પાટલીબદલુઓની ભરમાર)*

### હાઈકુ

*કાવાદાવાનું*
*કીચડ - કુરુક્ષેત્ર -*
*રાજકારણ...*

*મતદારના*
*ભરોસા - વિશ્વાસનું*
*થાય વેંચાણ...*

### ચિંતન

**કદાપિ મર્યાદા નાતિક્રમેત ।**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**મર્યાદાનું ઉલ્લંઘન ક્યારેય ના કરવું.**

**ભલે ગમે તેટલી સંપત્તિ કે ગમે તેટલું સન્માન મળે તો પણ મનુષ્યે પોતાની મર્યાદામાં જ રહેવું જોઈએ. સંપત્તિ અને સન્માન મળવાથી છકી જવું એ મર્યાદાનું ઉલ્લંઘન છે. મર્યાદાનું ઉલ્લંઘન નરી મૂર્ખતા છે.**

**સંપત્તિ, સત્તા - માન સન્માન મળતાં માણસ બહેકી - છક્કી જાય છે મદ ભરાય સ્વભાવમાં તૂમાખી આવી જાય અને વિશ્વમાં જાણે પોતે જ મહાન છે એમ માનવા લાગે છે પૈસાથી માણસ, અને કંઈ પણ ભૌતિક સુખ ખરીદી શકાય તેવા ભ્રમમાં રહે છે.**

**પૈસાથી શાંતિ - પ્રેમ - વાત્સલ્ય - લાગણી કે ઈશ્વરીય આનંદ મળતાં નથી.**

### સુવિચાર

- ‘ભલે આપણે દુઃખી થઈએ પણ બીજાનું તો સારું જ થવું જોઈએ’ - એવાં વાણી, વિચાર અને વર્તન એ પરાવિદ્યા છે - **બોધિવૃક્ષ**
- સાચા હિંમતવાન જીવનવીરને વળી દુઃખ કેવું અને નિરાશા કેવી ?? - **શાહબુદ્દિન રાઠોડ**
- લોકોને આકર્ષિત કરવાની કામના પણ માનસિક દુર્વિચાર છે - **જીવનદર્શન**
- લાંબો પથને રસ્તા કાચા, એક મુસાફર, લાખ લબાચા, પારંપરિક સૌના ઢાંચા, સૌ માને છે... પોતે જ સાચા... - **પ્રેમ સુમેસરા**
- યે જીવન હૈ સાહેબ, ઉલઝેંગે નહીં તો સુલઝેંગે કૈસે... ઔર બિખરેંગે નહીં તો... ફિર નિખરેંગે કૈસે... - **ઈકબાલ**
- શું આપણે એવું ના કરી શકીયે કે પથ્થર બનીને ઠેસ પહોંચાડવા કરતાં પગથિયું બનીને ઠેઠ પહોંચાડીએ? - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : એલચી ખાવાથી કેળાથી થતું અજીર્ણ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સત્યએ દેખાતું નથી એને અનુભવવાનું હોય છે, અને સત્યની અનુભૂતિ આપણને પરમ શાંતિ અર્પે છે. આપણે જાણતા કે માનતા હોઈએ એ સત્ય નથી હોતું કેમ કે સત્ય એ કાંઈ ચોખ્ખું દેખાતું નથી.

એક યુવાને સંતને પૂછ્યું, ‘આ જગતમાં આટલો બધો અનર્થ કેમ થઈ રહ્યો છે?’ સંતે સામો પ્રશ્ન કર્યો, ‘ભાઈ, આ પ્રશ્ન તું મને કેમ પૂછી રહ્યો છે ?’ આ પ્રશ્ન તો તારે ભગવાનને કરવો જોઈએ. ‘યુવકે કહ્યું’ આપની વાત સાચી છે. પણ હું ભગવાનને કઈ રીતે પ્રશ્ન કરું ? તે તો મને દેખાતા નથી. અને હવે તો મને ભગવાનના અસ્તિત્વ અંગે જ શંકા જાગે છે. સંતે કહ્યું, ‘તમે એવી શંકા કેમ છે?’

યુવાને કહ્યું, ‘સીધી વાત છે. ઈશ્વર જયાં સુધી જોવા ન મળે ત્યાં સુધી કઈ રીતે જાણી શકાય કે આ વિશ્વમાં ઈશ્વરનું અસ્તિત્વ પણ છે ?’ સંતે કહ્યું, ‘ભાઈ, તારી વાત બીલકુલ વ્યાજબી છે. હવે હું તને પૂછું છું કે શું તારી પાસે દિમાગ છે ?’ યુવકે કહ્યું, ‘હા, મારી પાસે દિમાગ છે. અને દરેક માણસ પાસે દિમાગ હોય જ છે.’

સંતે કહ્યું, ‘જે રીતે દિમાગ દેખાતું નથી, છતાં આપણે માની લેતા હોઈએ છીએ કે બધા લોકો પાસે દિમાગ છે. એ જ રીતે ભગવાન ભલે દેખાતા ન હોય તો પણ આપણે એમના અસ્તિત્વ અંગે શંકા ન કરવી જોઈએ.’

સંતની વાત યુવાનના ગળે ઉતરી. તેને સંતોષ થયો અને ખુશ થઈ પરત ફર્યો.

# મધ્યમવર્ગને મોંઘવારીનો માર પડશે

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તત્કાલીન યુપીએ સરકારને પેટ્રોલ-ડીઝલનો ભાવવધારો અટકાવવા શાણી શિખામણ આપતા રહેતા. કેન્દ્ર સરકાર સત્વરે આ પેટ્રોલિયમ પેદાશો પરની આબકારી જકાત (એક્સાઈઝ ડ્યૂટી) ઘટાડે એવી માગણી કરતા રહેતા. મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રજા સમક્ષ રજૂ કરનારા એમના બાબા રામદેવ જેવા શુભેચ્છકો તો એમના શાસનમાં પેટ્રોલ-ડીઝલ પાણીના ભાવે ઉપલબ્ધ થશે એવાં આશ્વાસન આપતા. પરિસ્થિતિ એ હદે વણસી ચૂકી છે કે મોદી શાસનકાળમાં પેટ્રોલ-ડીઝલના ભાવ સાતમા આસમાને પહોંચી ગયા છે છતાં આ મુદ્દે મોદીના પેટનું પાણી નથી હાલતું. તેઓ પાર્ટ ટાઈમ પીએમ હોય એમ દિલ્હીમાં ગાળો છો એથી વધારે સમય વિદેશ પ્રવાસમાં વિતાવે છે. તક મળી છે કે મળશે ! વિપક્ષો તડજોડનું રાજકારણ કરવામાંથી નવરા નથી પડતા એટલે મોંઘવારીના મુદ્દે રસ્તા પર આવવાનો એમને વિચાર જ નથી સૂઝતો. પ્રજા પિસાઈ રહી છે. ખેડૂતો મૂંઝાઈ રહ્યા છે. નેતાઓને તાગડધિન્ના છે. બ્યુરોક્રેટ્સ એમના કેસરિયા આકાઓને ખુશ રાખી લુક્રેટિવ ટેબલો મેળવવાની તજવીજમાં પડ્યા છે અને નાણાપ્રધાન અરુણ જેટલી કે જેમના પગ નીચે જમીન જ નથી, જે ક્યારેક પ્રજાના સીધા મતોથી ચૂંટાઈ શકે એમ નથી - તેઓ કિડનીની સારવાર લઈ ફરી પાછા નાણા કોથળી સંભાળવા આવી પહોંચ્યા છે ત્યારે બાર વર્ષે બાવો બોલે એવી ભાષામાં પ્રજાને ધરાર લપડાક લગાવતાં વદે છે : પેટ્રોલ - ડીઝલ પરની એક્સાઈઝ ડ્યૂટી નહીં ઘટાડી શકાય. આ એક્સાઈઝ ડ્યૂટી એ સરકારી તિજોરીને તરબતર રાખતી મહામૂલી આવક છે. એ ઘટાડવા જતાં સરકારને ૧૩૦૦૦ કરોડ જેવું ભારે નુકશાન થાય એમ છે. સરકાર કોઈ પણ ભોગે તેમાં ઘટાડો કરવા તૈયાર નથી એવું જણાવી જેટલીએ ખરેખર તો વર્તમાન કેન્દ્ર સરકારના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ખડો કરી દીધો છે. વિપક્ષ પાસે મોંઘવારીનો મુદ્દો જ પૂરતો થઈ રહે એમ છે. કદાચ વિપક્ષને એનો સરખો વિનિયોગ કરતાં નહીં આવડે તો પણ પ્રજાને તો એનો ઈલાજ કરતાં આવડવાનું જ છે. જેટલીએ દાઝ્યા ઉપર ડામ દેતા હોય એમ પ્રજાની નૈતિકતા સામે આંગળી ઉઠાવી છે. એમણે જણાવ્યું છે કે પ્રજા પ્રામાણિકપણે ટેક્સ ભરતી હોય તો પેટ્રો પેદાશો પરની ડ્યૂટી ઘટાડી શકાય, પરંતુ નોકરિયાત વર્ગ સિવાયના લગભગ તમામ લોકો ટેક્સ ભરવાની દાનત જ ધરાવતા નથી. વળી ખેતીની આવક પર ટેક્સ છે જ નહીં ! જેટલી મોદીના કુબેર ભંડારી છે. એમને દેશનાં વિકાસકાર્યો અને સંરક્ષણ કે શિક્ષણ-આરોગ્યથી લઈ વડાપ્રધાનના વિદેશ પ્રવાસો પાછળ થનાર ધૂમ ખર્ચની જોગવાઈ કરવાની હોઈ એ ભારે ટેન્શનમાં રહે છે. ૨૦૧૯ની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ કેન્દ્ર સરકારની નિષ્ફળતાઓ વધુ ને વધુ ઉજાગર થતી જાય છે. કહેવાતાં પરાક્રમી પગલાંથી દેશને ફાયદાની જગ્યાએ નુકશાન જ થયું છે. કાળાં નાણાંની હેરાફેરીમાં કોઈ જ ફેર નથી પડ્યો અને ગત લોકસભાની ચૂંટણી પૂર્વે મોદીએ દેશની પ્રજાને જે ગળચટાં વખ ચટાડ્યાં હતાં એની નકારાત્મક અસરો વિવિધ પેટા ચૂંટણીઓ ઉપરાંત કર્ણાટકની ચૂંટણીમાં સ્પષ્ટ રીતે દેખાઈ છે. હવે વધુ જુઠ્ઠાણાં ચાલી શકે એમ નથી ત્યારે મોદીના સૌથી લાડકા પ્રધાને પ્રજાને દાઝ્યા પર ડામ દઈ ખુદ પાર્ટીના જ ભાવિને જોખમમાં મૂકી દીધું છે.

# ‘પાંચમો હાથ’ નામનો અનુપમ ચિત્ર



નવાં કલેવર
નટવર હેડાઉ

અચાનક અનાહિતા ટપકી પડી અને જાણે કે અધિકાર પૂર્વક છંછેડાઈને બોલી, ‘હુસેન આર્ટ ગેલેરીમાં અખિલ ભારતીય ચિત્રકલા સ્પર્ધાનાં મિત્રોનું પ્રદર્શન અને તારે મારી સાથે આવવાનું છે.’

તેણે વિરોધ કર્યો ‘ના... તારાં એ મોર્ડન આર્ટ ચિત્રોમાં મને તો બધું માથા ઉપરથી જ જાય છે અનુ.’

‘અરે ના માલિની, આજ એવું નથી. બધાં નારી વિષયક ચિત્રો હશે, તને ગમશે.’

અનાહિતાએ સાચું જ કહ્યું હતું... નારી સામસ્યાઓ અથવા વિશિષ્ટતાઓને લગતાં બધા મિત્રો હતા. એક એકથી ચડિયાતાં નારી... એક ફૂલ, બ્રહ્માની સર્વોત્તમ રચના, બંધનની સાંકળો તૂટી રહી છે, ઘુંઘટની આડમાંથી ડોકાતો ચહેરો, ખુલ્લું આકાશ, એક ટૂકડો ધૂપ, જેવાં ઉત્કૃષ્ટ શિર્ષકો સાથે સ્વનામધન્ય ચિત્રો જોઈને તેનું મન બાગ બાગ થઈ ગયું.

‘ખરેખર અનુ, જો આજ મેં તારું કહ્યું ન માન્યું હોત તો ઘણું ગુમાવત.’ તેણે અનાહિતાનો હાથ પકડીને કહ્યું તો તે પણ બોલી, ‘અરે, જો માલીની આ મિત્ર.’

અને એ ચિત્ર તેના દૃષ્ટિપથથી પસાર થતું અંતરપટ પર અંકિત થઈ ગયું. જેમાં ચહેરા પર ઉદાસીનતાનો ભાવ દર્શાવતું માં સરસ્વતીનું ચિત્ર હતું. પરંપરાગત ચિત્રો કરતાં તદ્દન અલગ... તેના એક હાથમાં વેલણ, બીજી હાથમાં ચાવીઓનો ઝુડો, ત્રીજામાં થોડાક સિક્કા હતા અને ચોથા હાથે બે બાળકોની આંગળીઓ પકડેલી હતી. તેની આસપાસ શાહીનો ખડીયો ગબડી પડ્યો હતો. તેમાંથી શાહી નીકળીને વહી રહી હતી. તેની પાસે જ ઉપેક્ષિત કલમ પડી હતી. ઘણા બધા રંગો પણ વિખરાયેલા હતા. અને તે બધાંની વચ્ચે એક પાંચમો હાથ મજબૂત રીતે કલમ અને પીંછી પકડીને દેખાતો હતો. ચિત્રાનું શિર્ષક હતું. ‘પાંચમો હાથ’ ચિત્રકારે સરસ્વતી માં ની એક ગૃહિણી રૂપે કલ્પતા કરી હતી.

‘અનુ. મને એ તો ખબર નથી કે આ સ્પર્ધામાં શું પરિણામ આવશે. પણ જો નિર્ણાયક હું હોઉં તો પ્રથમ પુરસ્કાર ‘પાંચમો હાથ’ નામના આ અનુપમ ચિત્રને જ આપું. આટલું કહેતાં માલીનીનો કંઠ રૂંધાઈ ગયો.

# પ્રણયમાં તડપની ઊંડાઈ અને જીવનનો મરમ



ગુલમહોર
દિનેશ દેસાઈ

***ગઝલ***

*“કાંટે કાંટે અટકું છું ને ફૂલે ફૂલે ભટકું છું -!*
*રંગ અને ફોરમની વચ્ચે મારી મહેફિલ શોધું છું.*
કોઈ રૂપાળા ગાલના તલ કે કોઈ સુંવાળા જુલ્ફામાં,
પાગલ જઈને ક્યાં સંતાણું મુજ પ્રેમી દિલ? શોધું છું.
*જેમ વનેવન મૃગલું ભટકે, કસ્તુરીની ખોજ મહીં,*
*એમ હું દ્વારે દ્વારે જઈને મારી મંઝિલ શોધું છું.*
મારી લીલા હું જ ન જાણું, મારું મુજને ભાન નથી,
ખોવાયું છે કોણ? ને કોને થઈને ગાફિલ શોધું છું?”

— ‘શૂન્ય’ પાલનપુરી

ગુજરાતનું ગૌરવ અને ગુજરાતી ગઝલના પાયાના પથ્થર અમૃત ‘ઘાયલ’એ ‘રુમાની’ ઉપનામથી ઉર્દૂ ગઝલો લખતા યુવાન અલીખાન બલોચને ગુજરાતીમાં ગઝલો લખવા સૂચન કર્યું હતું અને સાથોસાથ એ આશાસ્પદ યુવાનને ‘શૂન્ય’ ઉપનામ આપ્યું હતું. ‘શૂન્ય’ અને ‘ઘાયલ’ મુશાયરાઓમાં છવાઈ જતા અને ભારે દાદ મેળવતા. ‘શૂન્ય’ ખરજ સ્વરમાં તરન્નૂમમાં ગઝલો રજૂ કરતા.

અમૃત ‘ઘાયલ’એ કહ્યું છે કે ‘‘મને ‘શૂન્ય’ની ગઝલો હંમેશા ગમતી રહી છે. એમાં તાજગી છે. એના સ્વરમાં તરન્નૂમની રવાની છે. એની ગઝલોમાં ઉર્દૂની અદબ અને રિવાયત છે. જે એને ગુજરાતી ગઝલોમાં નોખું સ્થાન આપે છે.’’

પ્રસ્તુત ગઝલ મશહૂર ગઝલકાર ‘શૂન્ય’ પાલનપુરી (જન્મ તા. ૧૯-૧૨-૧૯૨૨, નિધન તા. ૧૭-૩-૧૯૮૭)ના જાણીતા સંચય ‘‘શૂન્યની સૃષ્ટિ’’માંથી લેવામાં આવી છે. ‘‘શૂન્યનો વૈભવ’’, ‘‘શૂન્યનું સ્મારક’’, ‘‘શૂન્યના અવશેષ’’ અને ‘‘શૂન્યનું વિસર્જન’’ તેમના નોંધપાત્ર દીવાન છે. આ ગઝલ રમલ છંદ ‘‘ફાઈલાતૂન ફાઈલાતૂન ફાઈલાતૂન ફાઈલૂન’’ (ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા)માં રચાયેલી છે. સામાન્ય રીતે ઓછામાં ઓછા પાંચ શે’ર અથવા દર બે શે’ર વધારીને એકી સંખ્યામાં ગઝલનું સ્વરુપ પ્રસ્તુત થતું હોય છે પરંતુ જે દીવાનમાં આ ગઝલ પ્રગટ થઈ છે તેમાં ચાર શે’ર જ લેવામાં આવ્યા છે, એટલો સહજ ઉલ્લેખ.

‘શૂન્ય’ પાલનપુરી સને ૧૯૪૪માં પાલનપુરની સ્થાનિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા એ સંદર્ભને લઈને લોકપ્રિય ગુજરાતી સાહિત્યકાર ચંદ્રકાંત બક્ષીએ પોતાના સંસ્મરણોમાં લખ્યું છે કે ‘‘પાલનપુરની શાળામાં ધોરણ-૨માં અલીખાન માસ્તર અમને અંગ્રેજી શીખવતા.’’ બક્ષીના શિક્ષક અને ‘ઘાયલ’ના દોસ્તાના શાગિર્દ ‘શૂન્ય’ પાલનપુરીએ જિંદગીની કઠણાઈ અને રઝળપાટને પોતાની ગઝલોમાં ઉતારી છે. એમની ગઝલોમાં થોડું સ્મિત અને થોડાં આંસુ આપણે અનુભવી શકીએ. કદીક ખુશીની લહેર તો કદીક દર્દની કસક ‘શૂન્ય’ના ગઝલ-મહેલનો વૈભવ બનીને સ્થાયીભાવ ધારણ કરે છે.

**આત્માની ઓળખ આત્મસ્વરુપ થયા વિના આવતી નથી. આત્મારૂપ થઈને પરમાત્માને ભજી શકાય છે. જેની ખોજ કરવામાં આવે છે તે તો પોતાની ભીતર જ છુપાયેલું હોય છે આમ છતા માણસ ગાફેલ બનીને સત્યરૂપ સુખની ખોજ બાહ્ય દુનિયામાં મૃત્યુપર્યંત ચલાવ્યા જ કરે છે**

સને ૧૯૬૨માં મુંબઈ ખાતે ‘‘મુંબઈ સમાચાર’’માં દૈનિક પત્રકારત્વ શરુ કર્યું એ પહેલા તેઓએ સને ૧૯૫૯માં પાટણથી પત્રકાર અનંતરાય ર. વ્યાસ સાથે મળીને ‘‘ગીત-ગઝલ’’ માસિક શરુ કર્યું હતું. જો કે તેના માત્ર છ અંક જ કાઢી શકાયા હતા. સને ૧૯૬૦માં તેઓએ જગદીશ શાહના ‘‘પ્રજાતંત્ર’’ અખબારમાં પણ કામ કર્યું હતું. એ પછી તેઓએ મુંબઈની વાટ પકડી હતી.

અહીં આપણે ‘શૂન્ય’ સાહેબની પ્રણયમાં તડપની ઊંડાઈ અને જીવનના મરમની ઊંચાઈ દર્શાવતી નખશિખ ગઝલ માણીએ:

‘‘કાંટે કાંટે અટકું છું ને ફૂલે ફૂલે ભટકું છું -!
રંગ અને ફોરમની વચ્ચે મારી મહેફિલ શોધું છું.’’

‘શૂન્ય’ પાલનપુરીએ મત્લાના આ શે’રમાં અજબ અંદાજમાં પ્રણયની તડપ અને જિંદગીમાં મંઝિલની ખોજની વાત માંડી છે. તેમણે લખ્યું છે કે જિંદગીના ગુલશનમાં કાંટારૂપી દુઃખ અને ફૂલરૂપી સુખ એમ બે જ પરિબળ હોય છે. જન્મ લીધો ત્યારથી જિંદગીના બાગમાં પ્રત્યેક કંટક અને પ્રત્યેક ફૂલ પાસે જઈને જોયું છે અને મારી પસંદની ખોજ ચલાવેલી છે. સાની મિસરામાં કહેવાયું છે કે બાગમાં ફૂલોનો રંગ હોય છે અને ફૂલોની સુવાસ પ્રવર્તમાન હોય છે. આ બે પાસા વચ્ચે દરેક વ્યક્તિને પોતાની અંગત મહેફિલ, અંગત વ્યક્તિ યા અંગત સુખની ખોજ રહેતી હોય છે. શાયર પોતાની પ્રિય, ગમતી વ્યક્તિ માટે, ગમતું સુખ મેળવવા કાંટે કાંટે અને પ્રત્યેક ફૂલ પાસે જઈને જોઈ ચુક્યા છે. છતા તેમના શબ્દોમાં તૃપ્તિનો સંકેત જોવા મળતો નથી.

‘‘કોઈ રૂપાળા ગાલના તલ કે કોઈ સુંવાળા જુલ્ફામાં,
પાગલ જઈને ક્યાં સંતાણું મુજ પ્રેમી દિલ? શોધું છું.’’

શાયર બીજા શે’રમાં કહે છે કે પોતાના પ્રેમની ખોજ ઘણી બધી કરી જોઈ છે. કોઈ રૂપાળા ગાલના તલમાં કે કોઈના સુંવાળા કેશકલાપમાં પણ તેમણે પોતાના પ્રેમની ખોજ ચલાવી જોઈ છે. આ જ શે’રના સાની મિસરામાં કહેવાયું છે કે મને પ્રેમ કરે એવું દિલ ક્યાં સંતાયું છે, એની હું ખોજ ચલાવી રહ્યો છું. જ્યારે ખોજ ચાલુ છે ત્યારે સમજી શકાય છે કે હજુ પ્રેમની પ્રાપ્તિ બાકી છે, મંઝિલ મળી શકી નથી. ભલે અહીં રૂપાળા ગાલના તલ કે રેશમી જુલ્ફોની વાત કરવામાં આવી હોય પરંતુ નિર્મળ અને શુદ્ધ પ્રેમ કરનાર દિલની જ ખરા અર્થમાં તલાશ છે અને તલાશ હજુ જારી છે.

‘‘જેમ વનેવન મૃગલું ભટકે, કસ્તુરીની ખોજ મહીં,
એમ હું દ્વારે દ્વારે જઈને મારી મંઝિલ શોધું છું.’’

ગઝલના ત્રીજા શે’રમાં પ્રણયમાં તડપની પરાકાષ્ઠા પણ દર્શાવવામાં આવી છે. માણસ સંસારની માયાજાળમાં એ રીતે ખુંપી જતો હોય છે કે પછી તે સાચા સુખની શોધમાં સ્વયં કસ્તુરી મૃગ બની જતો હોય છે. સંસારમાં સુખ તો કેવળ માનવીની ભીતર જ રહેલું હોય છે પણ આ વાત સમજવામાં માણસની જિંદગી આખી પુરી થઈ જતી હોય છે. શાયરે સનાતન સત્યને દૃષ્ટાન્તમાં ઉતારી આપ્યું છે કે જેમ કસ્તુરી મૃગની નાભિમાં જ કસ્તુરી રહેલી હોય છે જેની સુગંધ મનને મોહિત કરનારી અને અદ્વિતિય હોય છે. આમ છતા કસ્તુરી મૃગ એ જાદુઈ સુગંધનું સરનામું શોધવા માટે વનવિસ્તારમાં આમથી તેમ ઠેર ઠેર ભટકતું રહે છે. સાની મિસરામાં શાયર કહે છે કે પોતે પણ કસ્તુરી મૃગની માફક જ દ્વારે દ્વારે સુખની યા મંઝિલની ખોજમાં ભટકી રહ્યા છે. શાયર જાણે છે કે પોતાની મંઝિલ કે સાચું સુખ તો સ્વયં પોતાની ભીતર જ સમાયેલું છે. છતા શોધ જારી જ રહે છે, અટકતી નથી. આ જ તો જીવનની વિડંબના છે અને જિંદગીની સચ્ચાઈ છે. સાચું સુખ દરેકની ભીતર હોવા છતા એ કોઈને મળતું નથી, કોઈ મેળવી શકતું નથી.

‘‘મારી લીલા હું જ ન જાણું, મારું મુજને ભાન નથી,
ખોવાયું છે કોણ? ને કોને થઈને ગાફિલ શોધું છું?’’

આમ તો ગઝલના પ્રત્યેક શે’રમાં આપણને શેરિયતનો અનુભવ થાય છે પણ છેલ્લા શે’રમાં તો શાયરે કમાલ જ કરી બતાવી છે. આપણે સૌ આપણી ભીતર સુખ સમાયેલું હોવાનું જાણતા હોવા છતા એ સત્ય સ્વીકારી શકતા નથી અને હકીકતનો અનાદર કરતા રહી જઈએ છીએ. પોતે જાણવા છતા પોતાને એ વાતનું ભાન રહેતું જ નથી. આત્માની ઓળખ આત્મસ્વરુપ થયા વિના આવતી નથી. આત્મારૂપ થઈને પરમાત્માને ભજી શકાય છે. જેની ખોજ કરવામાં આવે છે તે તો પોતાની ભીતર જ છુપાયેલું હોય છે આમ છતા માણસ ગાફેલ બનીને સત્યરૂપ સુખની ખોજ બાહ્ય દુનિયામાં મૃત્યુપર્યંત ચલાવ્યા જ કરે છે. આ જ તો જીવનની સચ્ચાઈ છે. જેને પ્રસ્તુત ગઝલમાં બેખુબી સમજાવવામાં આવી છે.

# વિરહ, મિલન, વિરહ : એક અનંત યાત્રા



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

પ્રિયજનના લાંબા સમય પછીના મિલનનો પણ એક અકલ્પનીય આનંદ હોય છે. દિવસો, મહિનાઓ કે વર્ષો સુધી પ્રિયજનનો વિરહ ભોગવ્યા પછી વિરહભાવની વિવિધ પ્રકારની એક કે એક થી વધારે અવસ્થાઓ ભોગવ્યા પછી અને તેની વેદના સહન કર્યા પછી, પ્રિયજન ની એક ઝાંખી માટે સતત તરસ્યા પછી એ પ્રિયજન સાથે મિલનની ઘડીનો અવસર, મિલનની પળ આવે છે ત્યારે વ્યક્તિના શરીર, મન અને હૃદયમાં કેટલાક ભાવ અને મહાભાવનો ઉદય થાય છે. ભક્તિમાર્ગમાં મિલન સમયે ઉદય થતાં ભાવોનું પણ વર્ણન છે. આ પ્રકારના ભાવને સત્વગુણપ્રધાન ભાવ કે સાત્વિક ભાવ કહે છે. આ પ્રકારના આઠ ભાવો છે જેને ભક્તિમાર્ગમાં અષ્ટસાત્વિકભાવ તરીકે વર્ણવ્યા છે. આ અષ્ટસાત્વિક ભાવો આ પ્રમાણે છે.

પ્રિયજન સાથે જ્યારે વ્યક્તિનું મિલન થાય છે ત્યારે બંને સ્નેહીઓ એકબીજાના સ્નેહમાં એટલા તલ્લીન થઈ જાય છે કે એ તલ્લીનતામાં ક્યારેક બંનેની તો ક્યારેક બેમાંથી એકની વાણી બંધ થઈ જાય છે. વ્યક્તિ ‘સ્પીચલેસ’ થઈ જાય છે. વ્યક્તિના હૃદયમાંથી ઉઠતાં ભાવો મુખમાથી શબ્દો રૂપે નીકળી શકતા નથી આ પ્રકારના સાત્વિકભાવને ‘સ્તંભભાવ’ કહે છે.

બીજા પ્રકારનો સાત્વિકભાવ છે ‘સ્વેદભાવ’. સ્નેહીજનસાથેના મિલનથી વ્યક્તિની શરીરમાં પ્રસ્વેદગ્રંથી તીવ્ર બને છે અને શરીર પરસેવાથી રેબઝેબ બની જાય છે. બહારના વાતાવરણમાં તીવ્ર ઠંડી હોય તો પણ શરીરમાં પ્રસ્વેદ વળે છે. આ પ્રકારના ભાવની તીવ્રતા થોડી ક્ષણો જ રહે છે અને પછી વ્યક્તિ સ્વસ્થ થઈ જાય છે.

લાંબા સમયના સામના વિરહ પછી જ્યારે પ્રિયજન મળે છે ત્યારે ક્યારેક વ્યક્તિના શરીરના રુંવાડા ઊભા થઈ જાય છે અને આખું શરીરી રોમાંચ અનુભવે છે. વ્યક્તિની માનસિક સ્થિતિ સાથે શરીરમાં પણ તેની અસર થાય છે. મિલનના આ પ્રકારના સાત્વિકભાવને ‘રોમાંચ’ કહે છે. આ ત્રીજો પ્રકાર છે.

ચોથા પ્રકારનો સાત્વિકભાવ છે ‘કંપ.’ હિન્દી ફિલ્મ ‘દીલને ફીર યાદ કિયા’ નું એક સુંદર ગીત છે. એ ગીતના શબ્દો છે ‘દીલને ફીર યાદ કિયા, બર્ક સી લહેરાઈ હૈ’’ મતલબ, કોઈ પ્રિયજનને યાદ કરવાથી શરીરમાં એક લખલખું પસાર થઈ જાય છે. પણ અહી તો લાંબા સમય પછી પ્રિયજનને મળવાની વાત છે. લાંબા સમયના વિરહ પછી બંને પ્રિયજનોને એકબીજાની માત્ર ઝાંખી થાય છે કે તેઓના શરીરમાં ધ્રુજારી પ્રસરી જાય છે. શરીરમાં કંપન થવા લાગે છે. વ્યક્તિને ક્ષણિક તો એવું લાગે છે કે પોતે આ ધરતી ઉપર ઊભી નહીં રહી શકે. આ પ્રકારનો ભાવ પણ લાંબો સમય નથી રહેતો.

પ્રિયજનના મિલનથી વ્યક્તિ ગદગદ થઈ જાય છે. વ્યક્તિની વાણી પણ ગદગદ થઈ જાય છે. વ્યક્તિના વિચારોનો અને સાથે સાથે ઉચ્ચારોનો ભંગ થાય છે. પોતાના મનમાં આવ્યું હોય તેનું સ્પષ્ટ ઉચ્ચારણ થઈ શકતું નથી, જીભ થોથવાઈ જાય છે. અષ્ટસાત્વિક ભાવોના આ પ્રકારના પાંચમા ભાવને ‘સ્વરભેદ’ કહે છે.

અષ્ટસાત્વિક ભાવનો છઠ્ઠો પ્રકાર છે ‘વૈવર્ણ્ય’ પ્રિયજનના મિલનથી વ્યક્તિ આનંદિત થાય છે. એ આનંદ અને ખુશીની માત્રા ક્યારેક એટલી તીવ્ર હોય છે. આ તીવ્રતાની અસર શરીરના રક્તભ્રમણમાં થાય છે, તેને કારણે વ્યક્તિના વર્ણનો રંગ બદલાઈ જાય છે, વ્યક્તિના ચહેરાની લાલાશ જતી રહે છે અને શરીરનો રંગ ફિક્કો પડી જાય છે. વ્યક્તિ ક્યારેલ નિસ્તેજ થઈ જાય છે. આ ભાવ વધુ સમય નથી રહેતો.

અશ્રુ એ આનંદ અને વેદના, વિરહ અને મિલન બંને સમયે અભિવ્યક્ત થાય છે. અશ્રુ એ અષ્ટસાત્વિકભાવનો સાતમા પ્રકારનો ભાવ છે. પ્રિયજનનું મિલન થાય છે ત્યારે આનંદની તીવ્રતા અને મિલનની તલ્લીનતાને કારણે વ્યક્તિ પોતાની લાગણીઓ ઉપરનો કાબૂ ગુમાવી બેસે છે જેને કારણે પોતે પોતાના અશ્રુઓ રોકી શકતી નથી. આ ભાવમાં ક્યારેક અશ્રુબિંદુઓ આંખની પાંપણોમાં બાઝી જાય છે તો ક્યારેક અશ્રુની ધારાઓ વહેવા લાગે છે અને વ્યક્તિ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગે છે. ક્યારેક વ્યક્તિ ચીસો પડી ને રડે છે તો ક્યારેક ડૂસકાઓ ભરીને. આ રુદન ક્યારેક એટલું તીવ્ર હોય છે કે તેની અસર આસપાસના લોકોને પણ થાય છે.

આઠમાં પ્રકારનો સાત્વિકભાવ એ કદાચ મિલનના આનંદની પરાકાષ્ઠા છે. આ ભાવમાં મિલનના આનંદની પ્રબળતાને કારણે વ્યક્તિ પોતાના મન, હૃદય અને શરીર ઉપરનો સંપૂર્ણ કાબૂ ગુમાવી દે છે, વ્યક્તિ પોતાનું સાનભાબ ગુમાવી બેસે છે પરિણામે વ્યક્તિ મૂર્છિત થઈ જાય છે. આ પ્રકારના ભાવને ‘પ્રલય’ કહે છે.

બે પ્રિયજનોનું મિલન થાય છે ત્યારે વ્યક્તિને આ અષ્ટભાવમાથી કોઈ એક કે એકથી વધારે ભાવની અનુભૂતિ થઈ શકે છે. ક્યાં પ્રકારના ભાવની અનુભૂતિ થશે તેનો આધાર વ્યક્તિ અને પરિસ્થિતી ઉપર હોય છે. બંને વ્યક્તિ વચ્ચેની નિકટતા કેટલી છે, બંને કેટલો સમય એકબીજાથી જુદા રહ્યા છે, અસસ્પાસની પરિસ્થિતી કેવી છે, બંનેનું ક્યાં અને કેવા સંજોગોમાં મિલન થયું છે, એ મિલન કેટલા સમય માટેનું છે વગેરે પરિબળો ઉપર મિલનના ભાવનો આધાર રાખે છે. વ્યક્તિને જે કોઈ ભાવ ની અનુભૂતિ થાય પણ એક હકીકત છે કે વ્યક્તિને પોતાના પ્રિયજન સાથેના મિલનનો આનંદ અકલ્પનીય અને અનર્ગલ હોય છે.

(ક્રમશઃ)